# સાહિત્ય અને સમાજ

ડૉ. સતિષભાઈ ગામીત
અધ્યાપક સહાયક, સમાજશાસ્ત્ર વિભાગ
યુનિ ટ્રસ્ટ સુરજબા મહિલા આર્ટસ કોલેજ, નડિયાદ

**૧. પ્રસ્તાવના**

સાહિત્યના સમાજશાસ્ત્રના બૌદ્દિધકમૂળ ૧૯મી સદીના યુરોપના અસંખ્ય વિચારકોના લેખનમાંથી મળી આવે છે. સાહિત્યના સામાજીક નિરૂપણના આરંભની વાત કરતી વખતે ખાસ કરીને સ્ટેઈલના De La Literature Considerce Dans Ses Repports Avee Les Institutions Sociales ની વાત અચૂક કરવામાં આવે છે. ૧૮મી સદીમાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથમાં જાતિ અને આબોહવાના સાહિત્યક્ષેત્રે ચાલી રહેલા વૈચારિક વિવાદોમાંનો એક વિવાદ તે સર્જન શા માટે અને સર્જન પર પ્રભાવક પરિબળો ક્યાં તે અંગેનો છે. ૧૮મી સદીના યુરોપમાં સમાજને અને માનવ વર્તનના આયામોને ઈશ્વરવિદ્યાથી અલગ કરી, આ લોકની માનવ-માનવ સંબંધોમાંથી સર્જાતી ઘટનાઓ તરીકે જોવાની પ્રથા ચાલુ થઈ.

માનવજાતના જીવનસંઘર્ષની આગવી શૈલી અને એ સંઘર્ષ માટે માનવીને સજ્જ કરવા સમાજવ્યવસ્થામાંથીજ ઉદભવતા અને કળાસર્જન- એ બે લાક્ષણીકતાઓનો અભ્યાસ આપણને એક ડગલું આગળ લઈ જય છે. સાહિત્યનું અન્ય વર્ગીકરણ તે કયા જૂથનું અથવા વર્ગનું સાહિત્ય છે તેનું ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આમાં પારસી સાહિત્ય, નારીવાદી સાહિત્ય, દલિત સાહિત્ય, આદિવાસી સાહિત્ય, ગાંધીવાદી સાહિત્ય, ધાર્મિક સાહિત્ય વગેરે પ્રકારના સાહિત્ય જોવા મળે છે. જેમાં પ્રચીનયુગ મધ્યયુગ અને અર્વાચીનયુગ કે આધુનિકયુગની વાત હોઈ શકે.

આમ, અહીં સમાજશાસ્ત્રીય વિશ્લેષણની રીતે બદલાતા સમય સંદર્ભમાં વાત કરીએ તો મધ્યયુગના સંદર્ભમાં સુલતાનનોયુગ, ભક્તિમાર્ગ, લોક સાહિત્ય, ચારણી સાહિત્ય તથા અર્વાચીન યુગના સંદર્ભે સાક્ષરયુગને પ્રવર્તનાર અગ્રેજ સાશન પશ્ચિમી સંસ્કૃતિ અને ગાંધીયુગના સંદર્ભે રાષ્ટ્રીય આંદોલન સમાજ સુધારા અને ગાંધીવાદી જીવનપદ્ધતિ વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

સાહિત્યનું માધ્યમ ભાષા પણ એક સામાજિક સર્જન છે. જીવન સંઘર્ષની પદ્ધતિઓમાં વાણી પણ એક અનિવાર્ય અંગ છે. અસ્તિત્વ અને વિકાસ માટે માનવ જાતે જેમ ઉત્પાદન સાધનો વિકસાવ્યા છે, તેમ વાણી પણ એનું સામાજિક સર્જન છે. આંતર સંબંધોમાં સંદેશા વ્યવહારનાં માધ્યમ તરીકે તેમજ સંચિત અનુભવને સંક્રાંત કરવાના માધ્યમ તરીકે માનવજાતે વાણીનો કેવો અદ્ભૂત ઉપયોગ કર્યો છે. વાણીમાં રહેલાં ઉચ્ચારો, સ્વર, વ્યજંનો, શબ્દસંકેતો, વાક્ય રચનાઓ, શબ્દસમૂહો અને તે બધાને પ્રાપ્ત થતા અર્થો પણ જે તે સમાજ વ્યવસ્થાનુંજ સર્જન છે.

માનવ વર્તન વ્યાપક હોવાથી સમાજશાસ્ત્ર પણ વ્યાપક અને સમન્વયકારી સમજૂતી આપતું વિજ્ઞાન બન્યું છે. તેથી જ શિક્ષણનું સમાજશાસ્ત્ર, ધર્મનું સમાજશાસ્ત્ર કે આર્થિક વ્યવહારોનું સમાજશાસ્ત્ર, આદિવાસીનું સમાજશાસ્ત્ર તેમજ સાહિત્યનું સમાજશાસ્ત્ર પણ ખૂબજ સારી રીતે વિકસ્યું છે કે જે સર્જન, સર્જકતા, પ્રેરણા વગેરે બાબતો સામાજિક પેદાશ છે. સામાજિક પરિસ્થિતિઓ જુદા-જુદા સ્વરૂપે જોવા મળે છે.

**૨. સ્થળ સંદર્ભ**

ભાષા એ સૌથી મોટો સ્થળ સંદર્ભ છે. જ્યારે આપણે આદિવાસી સાહિત્ય, દલિત સાહિત્ય, પશ્ચિમી સાહિત્ય, પ્રાચીન સાહિત્ય, અર્વાચીન સાહિત્ય એવા જુદા-જુદા સાહિત્યને જુદી-જુદી રીતે દર્શાવવા માટે સ્થળ કે ભૌગોલિક સંદર્ભ જોવા મળે છે. આ સ્થળ એક દેશ હોય અને ન પણ હોય, પરંતુ ભૌગોલિક સીમા, ભાષા અને સાહિત્ય વચ્ચે કોઈક સંબંધ જરૂર હોય છે.

**૩. સમય સંદર્ભ**

સમાજ જુદા-જુદા કાળક્રમે બદલાઈ અને પરિવર્તન પામતો રહે છે અને સમયનાં વહેણ સાથે જુદા-જુદા યુગોમાં વિભાજિત કરીએ તો ગુજરાતી સાહિત્યમાં પ્રવાહ લેખિત સાહિત્યને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, અર્વાચીન ગુજરાતી સાહિત્ય વગેરે સમય પ્રવાહોમાં વહેંચવામાં આવે છે. જેમ કે પંડિતયુગ, ગાંધીયુગ, આધુનિકયુગ વગેરે.

**૪. સાહિત્યના પ્રકારો**

પ્રવર્તમાન સમયમાં સાહિત્યનું નિરીક્ષણ કરતાં જુદા જુદા પ્રકારે વિભાજીત થયેલું જોવા મળે છે. જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છી સાહિત્ય. દક્ષિણ ગુજરાતનું આદિવાસી સાહિત્ય, હિન્દુ સાહિત્ય, જૈન સાહિત્ય, ખ્રિસ્તી સાહિત્ય વગેરે જુદા જુદા વિસ્તાર પ્રમાણે માનવ સમાજમાં ભાષા, બોલીઓ, રીત-રિવાજો, પરંપરાઓ, કાવ્ય ગ્રંથો, લિપીઓ વગેરે જોવા મળે છે. કહેવાય છે તે પ્રમાણે "બાર ગામે બોલી બદલાય" જુદા-જુદા સમાજનું સાહિત્ય કોઈક ને કોઈક સ્વરૂપે લખાયેલું, બોલાયેલું, ભજવાયેલું જોવા મળે છે. સાહિત્યકારો સાહિત્યના સ્વરૂપને ધ્યાનમાં રાખીને કાવ્ય, નવલિકા, નવલકથા, નાટક, નિબંધ, કહેવતો, ઊખાણાં, ભવાઈ વગેરે દ્વારા સમાજની સંસ્કૃતિ જીવનશૈલીને ઉજાગર કરતાં જોવા મળે છે.

સમયના કાળક્રમે વાત કરીએ તો પ્રાચીન સાહિત્ય વૈદિકયુગ વૈદિક સાહિત્યમાં ગ્રંથો, ઉપનિષદો, કાવ્યો, ખંડ કાવ્યો, મહાભારત, રામાયણ, વર્ણ ધર્મ, વર્ણવ્યવસ્થામાં સ્વધર્મ વગેરે મધ્ય યુગ, ભક્તિ માર્ગ, ધર્મ અને રાજભક્તિ, લોક સાહિત્ય, અર્વાચીન યુગનો સંદર્ભ. જેમાં પંડિતો, અંગ્રેજો, પશ્ચિમી શિક્ષણ, સમાજ સુધારકો ગાંધીયુગના સંદર્ભ વગેરે.

**૫. પ્રાચીન ( વૈદિક સાહિત્ય )**

વૈદિક ભારતમાં પ્રકૃતિ પ્રધાન ધર્મ હતો. પ્રકૃતિનાં દરેક તત્ત્વમાં દેવોનો વાસ હોવાથી કલ્પના માંથી એકેશ્વરવાદનાં પાસાં તેમ જ બહુદેવવ્રત વિકસ્યો. એનું વૈદિક યુગમાં ધર્મનું સ્વરૂપ બદલાઈ છે. દેવો અને સર્વોપરી ઈશ્વરનો ખ્યાલ વિકસ્યો, કર્મ, પુન: જન્મ અને મોક્ષના ખ્યાલો વધું વિકસિત સ્વરૂપે પ્રસ્તુત થયાં. પૃથ્વીને કર્મભૂમિ અને મૃત્યુ પછીની દુનિયાને ફળભૂમિ કહી છે. એનું વૈદિક યુગમાં વ્યવહારિક ધર્મનો ખ્યાલ વિસ્તૃત બન્યો. યજ્ઞ,તપ,સત્ય વગેરેનું આચરણ વેદાભ્યાસ વગેરેને ઈત્સા તરીકે ઓળખાવેલ અને દયાનાં કાર્યો જેવાં કે કૂવા, તળાવ, બાગ-બગીચા બનાવવા, અન્નદાન કરવું વગેરે પુર્તા તરીકે ઓળખાયેલ છે.

મહાભારતમાં ધર્મને જીવનના નિયમો અને સમાજને ટકાવી રાખવા બળ તરીકે ઓળખાવેલ છે. કર્મ અને પુન: જન્મ વિશે વાત કરીએ તો વ્યકિત મન,વચન અને દેહથી જે કાંઈ પ્રવૃત્તિ રે છે. તેને કર્મ અને સમગ્ર સૃષ્ટિનું સંચાલન કર્મના નિયમ વડે થાય છે. તેમ માનવામાં આવ્યું છે.

## ૬. વર્ણ વ્યવસ્થા

આશ્રમ વ્યવસ્થામાં વ્યકિતના જીવનને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યું છે.જયારે વર્ણ વ્યવસ્થામાં સમાજને ચાર વિભાગમાં વહેંચવામાં આવેલ છે. ઋગવેદમાં વર્ણની ઉત્પતિ અંગે દૈહિક સિદ્ધાંત રજૂ થયેલો છે. વિભિન્ન વર્ણોનાં દરજની અંગે રિચાર્ડ લેનોય નોંધે છે. તેમ, ઋગવેદમાં સમાજની સરખામણી વિશાળ દેહ સાથે થયેલી છે. ચાર વર્ણોની ઉત્પતિ અનુક્રમે બ્રહ્માના મુખ, બાહુ,પેટ અને પગમાંથી થઈ છે. આ ચારેય અંગો વચ્ચે ઐકય રહેલું છે. પ્રત્યેક અંગ દેહ માટે કાર્ય કરે છે. એટલે અંગોનું ઐકય અને અંગોનું દેહ માટે સેવાકાર્યોની પારસ્પરિકતા છે. એવું સૂચિત કરવામાં આવે છે.

## ૭. અર્વાચીન યુગનો સંદર્ભ

મરાઠા સામ્રાજ્યનું પતન અને અંગ્રેજ શાસનના ઉદભવના સમયથી અર્વાચીન યુગ શરૂ થતાં ત્રણ ભાગોમાં અર્વાચીન યુગને દર્શાવી શકાય. સાહિત્યની પ્રગતિનો સમય છે. દલપત-નર્મદથી શરૂ થયેલી અર્વાચીન સાહિત્ય સર્જન સરિતા સાક્ષર યુગમાં વિશાળ તથા ઊંડી બને છે. પંડિતયુગનું સાહિત્ય એનું શીર્ષક સુચવે છે કે, તે પૂર્વ-પશ્રિચમના જ્ઞાન અને વિચારણાથી પ્રગતિશીલ બનેલું છે. એમાં ધર્મ તત્ત્વજ્ઞાન જીવન, કળા, ઇતિહાસ વિશેનાં પૌર્વાત્ય અને પ્રાશ્રવત્ય ચિંતનનો અપૂર્વ અને સધન સમનવ્ય થયેલો જોઈ શકાય છે. અંગ્રેજો યુરોપની પ્રાચીન, મધ્યકાલીન તથા સમકાલીન સંસ્કૃતિનો વારસો. તથા વિજ્ઞાન શાસન પ્રણાલી પલટી નાખે એવું એમાં ઘણું હતું. આપણા જીવનને તથા સાહિત્યને અંગ્રેજોનાં સંસ્કારો એ એક નવીજ દિશા આપીને અર્વાચીન યુગની શરૂઆત થઈ.

પશ્રિચમી શિક્ષણ અને સંસ્કૃતિની સાથે અંગ્રેજો યુરોપથી ધર્મ સુધારણ તથા નવજાગૃતિનો સંદેશો લઈને આવ્યા હતા. પાશ્ચાત્ય સાંસ્કૃતિક મૂલ્યો સમાજમાં ફેલાવા લાગ્યા અને ૧૯મી સદીના અંત સુધીમાં તો એ મૂલ્યોમાં માનનારો એક નવશિક્ષિત, નવજાગૃત, બુદ્ધિજીવી વર્ગ અસ્તિત્વમાં આવ્યો. અંગ્રેજો જે ઉધોગ ટેક્નોલોજી લાવ્યા. તેની અસર ગુજરાતી સમાજ પર પડી લોકોની મધ્ય યુગીન જીવનશૈલી સંપૂર્ણ પણે બદલાઈ ગઈ.

## ૮. સમાજસુધારા અને ગાંધીયુગ

આધુનિક શિક્ષણ અને વ્યવસાય પામેલો પ્રજાને આમ વર્ગ નવ યુગને ભેટવા આગળ આવ્યો. અંગ્રેજી સંપર્કને પરિણામે જે સંસાર સુધારો ઉદ્દભવ્યો તેમાં સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યક નવો નમેષ પ્રગટ થયાં. સમગ્ર હિંદુ સમાજને સ્પર્શતા અને તેની અસર આજ સુધી સમાજ શિક્ષણને સાહિત્યનાં ક્ષેત્રે અનુભવાય છે. નવું ચિંતન શરૂ થાય છે. ગુજરાત માં તેમજ અખિલ ભારતીય સ્તરે આમ, બનતું હતું. ગુજરાતમાં માનવધર્મસમા, બુદ્ધિવર્ધકસભા, તત્ત્વશોધક સભા વગેરે શરૂ થઈ.

ગાંધીવાદી જીવ પદ્ધતિ એટલે કે ગાંધીજીએ વધુ સારી જીવન પદ્ધતિની ખોજ આદરી પ્રયોગો કર્યા અને તેને નામ આપ્યું "સત્યના પ્રયોગો" અગિયાર મહાવ્રતોને જીવનમાં ઉતારવાની તેમણે વાત કરી. આ અગિયાર મહાવ્રતો એટલે સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે ધણાબધા બૌદ્ધિકો સર્જકોને આ જીવન પદ્ધતિએ આકર્ષણ પામ્યા. સમર્થ સાહિત્યકારોએ આ જીવન પદ્ધતિ અપનાવી નવસમાજ રચવાનાં સ્વપ્નમાં પોતાનું યોગદાન આપ્યું. સાહિત્ય ક્ષેત્રની જાણીતી વ્યકિતઓ પણ ગાંધીજીના નૂતન કેળવણીના કાર્યક્રમ સાથે સંમત હતા. માતૃભાષાને મહત્વ આપતી કેળવણીની પ્રથમ સંસ્થા રાષ્ટ્રીય ગુજરાતી શાળા બની. જેમાં રાજકીય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિકસી ગુજરાત વિધાપીઠ સ્થાપાઈ

અનેક રચનાત્મક કાર્યક્રમ અપાયા અનેક અધ્યાપકો, કાર્યકરો, સાહિત્યકારો બન્યા. જેમણે ગાંધી વિચારના પ્રભાવ નીચે સાહિત્ય સર્જન કર્યું. જે સમગ્ર માનવજીવનને સ્પર્શે છે. ગ્રામોદ્ધાર, સમાજ પરિવર્તન, સ્વાવ લેખન,સત્યાગ્રહ, સેવા વગેરે આદર્શોને ચરિતાર્થ કરવા માટે ગાંધીજીની પ્રવૃત્તિ હતી.

## ૯. સમાપન

આમ, તમામ સર્જન એ એક સામાજિક પેદાશ છે. છતાં પણ કુટુંબ, શિક્ષણ, વ્યવસાયો વગેરેની જેમ સાહિત્ય પણ અલગ વ્યવસ્થા છે. તેને પોતાનું અલગ આપેક્ષ સ્વાયત્ત તેણ છે. છતાં, સાહિત્ય વ્યાપક સમાજ સાથે સંકળાયેલું છે અને સમાજનાં સંદર્ભ વિના સાહિત્યને ન સમજી શકાય. સાહિત્યની સાચી સમજ જેતે સમાજના સંદર્ભમાં જ આવે. પરિસ્થિતિમાંથી અર્થોની અરાજકતાની જે સ્થિતિ ઉપસ્થિત થાય. તેનો ઉકેલ આવી શકે. ડેનિયલ બેસ જણાવે છે તેમ બધા માનવજૂથોને તેમના જાગૃત અસ્તિત્વ દરમિયાન જે પાયાના પ્રશ્નોનો સામનો કરવાનો આવે છે. તે સામે આ જૂથો જે સ્વરૂપે પ્રતિભાવ આપે છે. તે તેમની સંસ્કૃતિ છે.

આમ, સર્જનની પ્રેરણા આંતરીક કે બાહ્ય એ ચર્ચા કલામાં સાહિત્યમાં અને ગુજરાતી સાહિત્યમાં સતત ચાલ્યા કરે છે. આવા સમર્થ વિદ્વાનો અભ્યાસ નિષ્ઠાથી બંધાયેલી માન્યતા વ્યક્ત કરતાં હોય. ત્યારે તું મહાકાવ્ય થઈ વિશ્વવ્યાપી રહ્યો. ત્યાં વળી કવિ તદ્દુશું કહે છે કે, હું જેવો ભાવ અનુભવતી સાહિત્ય અને સર્જનક્ષેત્ર બહારની મારી જેવી વ્યકિત જે કંઈક કહે છે કે વિચારે તે કાચુ કપાઈ. આવું કાચું કામ કરતી વખતે સમાજશાસ્ત્રના અભ્યાસોએ બાંધી આપેલું વિશ્લેષણનું માળખું ખૂબ જ ઉપયોગી સાબિત થાય. આમ, ઉપરોકત સાહિત્ય અને સમાજ વિષય પર સંશોધન પેપર રજૂ કરવામાં આવે છે.

## સંદર્ભ સૂચિ


૧. જોષી, વિધુત (૨૦૧૪). સાહિત્ય અને સમાજ અનડા બુક ડીપો, અમદાવાદ

૨. દવે, જે.કે. (૨૦૨૧). ભારતીય સમાજ અંગેના પરિપ્રેક્ષ્યો અનડા બુક ડીપો અમદાવાદ

૩. ગામીત, સતિષ (૨૦૧૫). ગ્રામીણ આદિવાસી સમાજમાં આવેલ પરિવર્તન શબ્દ સાધના પ્રકાશન, જૂનાગઢ